અને પછી એ દિવસ આવ્યો જ્યારે ઍડી મૂર લૂઇસ વોટર્સને ઘેર ગઈ. મે મહિનાની સાંજ હતી. હજી અંધારું પૂરું ઊતર્યું ન હતું.

એ લોકો શહેરના જૂના વિસ્તાર સીડર સ્ટ્રીટમાં એક બ્લૉકના અંતરે રહેતાં હતાં. શેરીમાં એલ્મ અને હેકબરીનાં વૃક્ષો હતાં. પગદંડીના છેડે મેપલનું એક ઝાડ હતું. કેડીની સમાંતરે લીલી લૉન બે મજલાનાં ઘરો સુધી પથરાયેલી હતી. દિવસ હૂંફાળો હતો. સાંજે ઠંડક થઈ ગઈ હતી. ઍડી વૃક્ષો નીચેથી પગદંડી પર ચાલતી લૂઇસના ઘર તરફ વળી.

લૂઇસે બારણું ઉઘાડ્યું ત્યારે ઍડીએ કહ્યું : અંદર આવી શકું? કશુંક કહેવું છે.

લિવિંગરૂમમાં બેઠાં.

શું પીશો? ચા?

ના, થૅન્ક યૂ. કદાચ કશું પીવા જેટલો સમય રોકાઉં પણ નહીં.

ઍડીએ આજુબાજુ નજર ફેરવી.

તમારું ઘર સરસ છે.

ડાયાન હંમેશાં ઘર ચોખ્ખું અને વ્યવસ્થિત રાખતી. મેં પણ થોડો પ્રયત્ન કર્યો છે.

છતાં હજી સરસ લાગે છે. હું ઘણાં વરસે અહીં આવી.

ઍડીએ બારીમાંથી બાજુના આંગણા તરફ જોયું. ધીરેધીરે

ઊતરતી રાત કિચનમાં પણ ઘેરાવા લાગી હતી. સિન્ક અને કાઉન્ટર્સ પર અજવાળું ચળકતું હતું. બધું સાફ અને વ્યવસ્થિત હતું. એ એને જોતો હતો. એ સુંદર લાગતી હતી. એના મનમાં ઍડ્ડી વિશે એવી જ છાપ રહી છે. એ યુવાન હતી ત્યારે વાળ કાળા હતા. હવે શ્વેત અને ટૂંકા છે. એણે શરીર સાચવ્યું છે. કમર અને નિતંબનો ભાગ થોડો ભરાયો છે.

કદાચ તમને નવાઈ લાગતી હશે કે હું અહીં શા માટે આવી છું, ઍડ્ડીએ કહ્યું.

મારું ઘર સારું લાગે છે એ કહેવા તો નથી જ આવ્યાં.

ના, તમને કશુંક સૂચવવા આવી છું.

ઓહ!

પ્રસ્તાવ જેવું.

ઓકે.

લગ્નનો પ્રસ્તાવ નહીં, એણે કહ્યું.

હું પણ એવું ધારતો નથી.

જોકે લગ્ન જેવી જ બાબત છે, પરંતુ હવે કહેતાં ખચકાઉં છું. એ થોડું હસી. એ પણ લગ્નના પ્રસ્તાવ જેવું જ લાગે છે, નહીં?

શું?

કહેતાં ખચકાઉં છું એ.

હોઈ શકે.

હં... વારુ, કહી જ દઉં.

સાંભળું છું, લૂઇસે કહ્યું.

હું વિચારતી હતી કે તમે ક્યારેક ક્યારેક મારી સાથે સૂવા મારે ઘેર આવી શકો?

એટલે? તમે શું કહેવા માગો છો?

જુઓ, આપણે બંને એકલાં છીએ. ઘણાં વરસોથી એકલાં રહીએ છીએ. મને એકલું લાગે છે. તમને પણ લાગતું હશે. હું વિચારતી હતી કે તમે મારે ઘેર આવો અને આખી રાત મારી બાજુમાં સૂઓ. અને વાતો કરો.

એ એને તાકી રહ્યો. હવે જિજ્ઞાસાપૂર્વક. સતર્ક.

તમે કશું બોલ્યા નહીં. મેં તમારા શ્વાસ અધ્ધર કરી નાખ્યા? એણે પૂછ્યું.

હા. એવું જ છે.

હું સેક્સની વાત નથી કરતી.

મને નવાઈ તો લાગી.

ના, સેક્સ નહીં. મારા મનમાં એ નથી. સેક્સની ઇચ્છા તો ઘણા સમયથી રહી નથી. હું રાત પસાર કરવાની વાત કરું છું. હું હૂંફાળી પથારીમાં સૂતી હોઉં. કોઈ મારી બાજુમાં હોય. સાથીદારની જેમ. તમે આખી રાત મારી પાસે રહો અને આપણે એક જ પથારીમાં સાથે સૂઈએ. રાત પસાર કરવી બહુ મુશ્કેલ લાગે છે, તમને એવું નથી લાગતું?

હા, લાગે છે.

મારે રોજ રાતે ઊંઘની ગોળી લેવી પડે છે અને મોડે સુધી વાંચ્યા કરવું પડે છે. પછી બીજે દિવસે ઘેનમાં બહુ સુસ્તી રહે છે. હું મારા માટે કે બીજા કોઈ માટે કશું જ કરી શકતી નથી.

મારો પણ એવો જ અનુભવ છે.

પણ મને થાય છે કે કોઈ મારા પડખે સૂતું હોય તો સારી રીતે ઊંઘી કરી શકું. કોઈ સારી વ્યક્તિ. એ પ્રકારની નિકટતા. રાતે સૂતાંસૂતાં વાતો કરીએ. અંધારામાં.

એણે જવાબની રાહ જોઈ.

તમને શું લાગે છે? એણે પૂછ્યું.

ખબર નહીં. ક્યારથી શરૂ કરવા માગો છો?

તમે ઇચ્છો ત્યારથી, એણે કહ્યું, જો તમે ઇચ્છતા હો તો. આ અઠવાડિયાથી.

મને વિચારવાનો સમય આપો.

ઑલ રાઇટ. પરંતુ તમે આવવાનું નક્કી કરો એ દિવસે મને ફોન કરજો, જેથી મને ખબર હોય કે તમે આવશો.

ઑલ રાઇટ.

હું તમારા નિર્ણયની રાહ જોઈશ.

મને નસકોરાં બોલાવવાની આદત હોય તો?

તો બોલાવજો અથવા એ આદત ભૂલી જવાનું શીખજો.

એ હસ્યો. બેમાંથી પહેલું બનશે. નસકોરાં બોલાવીશ.

એ ઊભી થઈ. બહાર નીકળી અને એના ઘર તરફ જવા લાગી. એ દરવાજામાં ઊભો રહી એને જોવા લાગ્યો. મધ્યમ કદની શ્વેતકેશી સિત્તેર વરસની સ્ત્રી ખૂણાના સ્ટ્રીટ લૅમ્પના અજવાળાના ટુકડાઓની વચ્ચેથી વૃક્ષો નીચેથી જઈ રહી હતી. આ શું બનવા બેઠું છે, બબડ્યો. હવે વધારે વિચારવાનું રહેવા દે.

બીજે દિવસે લૂઇસ મેઇન સ્ટ્રીટમાં વાળંદ પાસે ગયો. વાળ સારા દેખાય એમ એકસરખા ટૂંકા કપાવ્યા. એને પૂછ્યું કે હજી શેવ કરે છે? એણે હા પાડી. લૂઇસે શરીર પર શેવ કરાવ્યું. પછી ઘેર આવ્યો અને ઍડ્ડીને ફોન કર્યો :

આજે રાતે આવવા માગું છું, બધું બરોબર હોય તો.

હા, છે, એણે કહ્યું. આયમ ગ્લેડ.

સાંજે જમવામાં માત્ર સૅન્ડવિચ ખાધી અને એક ગ્લાસ દૂધ પીધું. એ પેટ ભરીને ખાવા માગતો ન હતો, ઍડ્ડીની પથારીમાં હળવો રહેવા માગતો હતો. પછી ગરમ પાણીથી ચોળીચોળીને આરામથી સ્નાન કર્યુ. હાથ અને પગની આંગળીના નખ કાપ્યા. અંધારું થયું પછી કાગળની થેલીમાં નાઇટડ્રેસ અને ટૂથબ્રશ લઈ પાછલા બારણેથી પાછલી ગલીમાંથી થઈ જવા લાગ્યો. ગલીના કાંકરા પર એનાં પગલાંનો કર્કશ અવાજ આવતો હતો. ગલીની પેલી બાજુ એક ઘરની લાઇટમાં રસોડાની સિન્ક પાસે એક સ્ત્રીને જોઈ. ગૅરેજ અને બગીચો પસાર કરી ઍડ્ડી મૂરના પાછલા આંગણામાં ગયો. પાછળના દરવાજે ટકોરો માર્યો. થોડી વાર ઊભો રહ્યો. શેરીના રસ્તા પરથી એક કાર પસાર થઈ. કારની હેડલાઇટ ચાલુ હતી. મેઇન સ્ટ્રીટમાં હાઈ સ્કૂલનાં થોડા કિશોરો એકબીજાની સામે હૉર્ન વગાડતાં સંભાળાયાં. પછી એના માથા પર પૉર્ચ લાઇટ થઈ. દરવાજો ઊઘડ્યો.

અહીં પાછળના ભાગમાં શું કરો છો? ઍડ્ડીએ પૂછ્યું.

મને થયું કે આ રીતે આવું તો લોકોની નજરે નહીં ચડું.

મને એમની પરવા નથી. એમને ખબર તો પડશે જ. કોઈક જોઈ જશે. હવેથી સામેની પગદંડી પરથી આગળના દરવાજામાંથી આવજો. મેં નક્કી કર્યું છે, લોકો શું માને છે એની પરવા કરવાની નથી. ઘણી પરવા કરી – આખી જિંદગી. હવે હું એ રીતે જીવવાની નથી. તમે પાછલી ગલીમાંથી આવશો તો લોકોને વહેમ જશે કે આપણે કશંક ખોટું કરીએ છીએ – કશુંક ખરાબ અને શરમજનક.

હું આ શહેરમાં ઘણાં વરસો સ્કૂલમાં ટીચર હતો, લૂઇસે કહ્યું. એટલા માટે. એ તો ઠીક છે. ફરી વાર આવવાનું બનશે તો આગલા દરવાજેથી આવીશ.

તમને લાગે છે કે ફરી વાર નહીં બને? ઍડ્ડીએ પૂછ્યું. તો શું આજે એક જ રાત માટે આવ્યા છો?

ખબર નથી. શક્ય છે. આવું પણ ખરો. અલબત્ત, સેક્સને બાકાત રાખીને. હું જાણતો નથી, આ કેવી રીતે આગળ વધશે.

તમને જરાક પણ ભરોસો નથી? એણે પૂછ્યું.

તમારા પર છે. તમારો વિશ્વાસ હું સમજી શક્યો છું. પરંતુ મને ખાતરી નથી કે હું તમારી બરોબરી કરી શકીશ કે કેમ.

શેની વાત કરો છો? શું કહેવા માગો છો?

હિંમતની બાબતમાં, લૂઇસે કહ્યું. જોખમ ઉઠાવવાની તૈયારી વિશે.

હા, પણ આજે તમે આવ્યા તો છો.

ખરી વાત છે. હું આવ્યો છું.

તો પછી અંદર આવો. આપણે આખી રાત અહીં બહાર ઊભાં રહેવાની જરૂર નથી. કશું શરમજનક હોય તો પણ નહીં.

એ પૉર્ચમાંથી એની પાછળ કિચનમાં ગયો.

પહેલાં ડ્રિન્ક લઈએ, ઍડ્ડીએ કહ્યું.

સારો વિચાર છે.

વાઇન પીઓ છો?

બહુ ઓછો.

તો બિયર પસંદ કરો છો?

હા.

હવે આવશો ત્યારે બિયર લાવી રાખીશ – ફરી વાર આવવાનું બનશે તો.

લૂઇસને સમજાયું નહીં, મજાક કરે છે કે શું?

હા, ફરી વાર આવવાનું બનશે તો, એણે કહ્યું.

શું પસંદ કરશો, વાઇટ કે રેડ વાઇન?

વાઇટ, પ્લીઝ.

એણે રેફ્રિજરેટરમાંથી બૉટલ કાઢી અને બંને માટે બે અરધા ગ્લાસમાં વાઇન રેડ્યો. ટેબલ પર બેઠાં.

આ કાગળની થેલીમાં શું છે? એણે પૂછ્યું.

નાઇટડ્રેસ.

એનો અર્થ કે તમે ઍટ લીસ્ટ આજની રાત પૂરતી ટ્રાય કરવા તૈયાર છો.

હા. એમ જ છે.

વાઇન પીવા લાગ્યાં.

થોડો લેશો?

ના. ઘરમાં આંટો મારીએ?

તમે ઇચ્છો છો કે હું તમને બધા રૂમ અને ઘરનો લે-આઉટ બતાવું?

મારે એટલું જ જાણવું છે કે હું ફિઝિકલી ક્યાં છું.

જેથી જરૂર પડે તો અંધારામાં ચુપચાપ જઈ શકો.

ના, ના. હું એવું કશું વિચારતો નથી.

એ ઊભી થઈ. લૂઇસ એની પાછળ ડાઇનિંગરૂમ અને લિવિંગરૂમમાં ગયો. પછી એ એને ઉપરના ત્રણ બેડરૂમમાં લઈ ગઈ. મોટો બેડરૂમ ઘરની આગળ શેરીમાં પડતો હતો. એ રૂમ ઍડ્ડીનો હતો. અમે હંમેશાં આ રૂમમાં સૂતાં. જીનનો રૂમ પાછળ છે. ત્રીજા રૂમનો ઉપયોગ અમે ઑફિસ તરીકે કરતાં.

હૉલના છેવાડે બાથરૂમ હતો, બીજો બાથરૂમ નીચે ડાઇનિંગરૂમની બાજુમાં. મોટા બેડરૂમમાં કિન્ગ સાઇઝ પલંગ હતો. એના પર આછા રંગની સુતરાઉ બેડશીટ પાથરી હતી.

કેવું લાગ્યું? ઍડ્ડીએ પૂછ્યું.

મેં ધાર્યું હતું એથી ઘર મોટું છે. વધારે રૂમ છે.

અમારા માટે આ ઘર સારું રહ્યું છે. ચુંમાળીસ વરસથી અહીં રહું છું.

હું અને ડાયાન અહીં આવ્યાં પછી બે વરસે.

ઘણાં વરસ થઈ ગયાં.

હું બાથરૂમમાં જઈ આવું, ઍડીએ કહ્યું.

એ રૂમમાંથી બહાર ગઈ પછી લૂઇસ ડ્રેસર પર મૂકેલા અને દીવાલ પર લગાવેલા ફોટા જોવા લાગ્યો. કાર્લ અને ઍડીના લગ્નદિવસના ફૅમિલી ફોટોગ્રાફ્સ. બંને કોઈ ચર્ચનાં પગથિયાં પર ઊભાં છે. પહાડોની વચ્ચે ઝરણા પાસે પડાવેલો ફોટો. એક ફોટો નાનકડા કાબરચીતરા કૂતરાનો હતો. લૂઇસ કાર્લને થોડો ઓળખતો હતો. સારો માણસ. ઘણો શાંત. વીસ વરસ પહેલાં એ હોલ્ટ કાઉન્ટીમાં ખેતપેદાશ અને અન્ય પ્રકારના વીમા ઉતારવાનું કામ કરતો હતો. બે ટર્મ માટે આ શહેરના મેયર તરીકે ચૂંટાયો હતો. લૂઇસ એના ખાસ પરિચયમાં આવ્યો ન હતો. એણે વિચાર્યું, અત્યારના સંદર્ભમાં સારું થયું કે એની સાથે ખાસ પરિચય ન હતો. એમના દીકરા જીનના પણ ફોટા હતા. એ એનાં મમ્મી કે પપ્પા બેમાંથી કોઈના જેવો દેખાતો નથી. લાંબો પાતળો, ખૂબ ગંભીર. અને બે ફોટા એમની દીકરીના નાનપણના.

ઍડી પાછી આવી ત્યારે લૂઇસે કહ્યું : હું પણ બાથરૂમમાં જઈ આવું. એ ગયો. ટૉઇલેટનો ઉપયોગ કર્યો, બંને હાથ ઘસીઘસીને ધોયા, ટૂથપેસ્ટ કાઢી દાંત સાફ કર્યા. બૂટ ઉતાર્યા. કપડાં ઉતારી નાઇટડ્રેસ પહેર્યો. ઉતારેલાં કપડાં ઘડી વાળી બૂટ ઉપર મૂક્યાં અને બાથરૂમના બારણા પાછળ ખૂણામાં રાખ્યાં. પછી બેડરૂમમાં ગયો. ઍડી નાઇટગાઉન પહેરીને પથારીમાં સૂતી હતી. એ બાજુનો બેડસાઇડ લૅમ્પ ચાલુ હતો, સીલિંગ લાઇટ બંધ હતી, બારી થોડા ઇંચ જેટલી ખુલ્લી રાખી હતી. એમાંથી ઠંડો પવન આવતો હતો.

લૂઇસ પલંગ પાસે ઊભો રહ્યો. ઍડ્ડીએ બેડશીટ અને બ્લૅન્કેટનો છેડો વાળ્યો.

સૂવું નથી?

એ જ વિચારું છું.

એ એની પથારી બેઠો. બ્લૅન્કેટ ઓઢીને સૂતો. કશું બોલ્યો નહીં.

શું વિચારો છો? ઍડ્ડીએ પૂછ્યું. વધારે પડતા શાંત છો.

બહુ વિચિત્ર અને નવું લાગે છે કે હું અહીં છું. દ્વિધામાં છું કે શું કરું. થોડો નર્વસ છું. મને પોતાને પણ ખબર પડતી નથી કે શું વિચારું છું, બધું ડામાડોળ થઈ ગયું છે.

નવું તો છે, ઍડ્ડીએ કહ્યું. હું એને સારા પ્રકારનું નવું કહીશ. તમને શું લાગે છે?

હું પણ.

તમે સૂતાં પહેલાં શું કરો?

દસના ન્યૂઝ જોઉં, પથારીમાં સૂતાં પછી ઊંઘ ન આવે ત્યાં સુધી વાંચું. ખબર નહીં, આજે ઊંઘ આવશે કે નહીં આવે. બહુ ગૂંચવાઈ ગયો છું.

લાઇટ બંધ કરું છું, ઍડ્ડીએ કહ્યું. છતાં આપણે વાતો કરી શકીશું.

એણે પડખું ફેરવ્યું. લૂઇસે લાઇટમાં ચળકતા એના ખુલ્લા સુંવાળા ખભા અને વાળ જોયા.

પછી અંધારું થઈ ગયું. સ્ટ્રીટ લાઇટનું આછું અજવાળું રૂમમાં ફરી વળ્યું. બંને જણ થોડોથોડો પરિચય કેળવવા ક્ષુલ્લક વાતો કરતાં રહ્યાં. શહેરમાં બનતી રાબેતા મુજબની સામાન્ય વાતો, બંનેના ઘરની વચ્ચે રહેતી વૃદ્ધ મહિલા રુથની તબિયતની અને

બર્ચ સ્ટ્રીટમાં નખાઈ રહેલી પથ્થરની લાદીની વાતો. પછી મૌન થઈ ગયાં.

થોડી વાર પછી લૂઇસે પૂછ્યું : જાગો છો?

હા.

તમે પૂછ્યુંને કે હું શું વિચારું છું? મારા મનમાં એક વિચાર ચાલતો હતો – સારું છે કે હું કાર્લને નજીકથી ઓળખતો ન હતો.

કેમ?

તો અત્યારે મને અહીં સારું લાગે છે એટલું લાગ્યું ન હોત.

પણ હું ડાયાનને સારી રીતે ઓળખતી હતી.

એક કલાક પછી એ સૂઈ ગઈ હતી. એના શ્વાસોચ્છ્વાસ શાંત લયમાં ચાલતા હતા. લૂઇસ હજી જાગતો હતો. એને જોયા કરતો હતો. આછા અજવાળામાં એનો ચહેરો દેખાતો હતો. એમણે એક પણ વાર સ્પર્શ કર્યો ન હતો. પાછલી રાતે ત્રણ વાગ્યે એ ઊઠ્યો અને બાથરૂમમાં ગયો. પાછો આવ્યો. બારી બંધ કરી. પવન વધ્યો હતો.

પરોઢે ઊભો થયો, બાથરૂમમાં જઈ કપડાં બદલાવ્યાં. પાછો રૂમમાં આવ્યો. ઍડ્ડી જાગી ગઈ હતી અને સૂતી હતી.

પછી મળીશ, લૂઇસે કહ્યું.

મળશો?

હા.

એ બહાર આવ્યો. સાઇડવૉક પર પડોશીઓનાં ઘર પાસેથી ચાલતો પોતાને ઘેર પહોંચ્યો. કૉફી બનાવી અને ટોસ્ટ-ઈંડાંનો નાસ્તો કર્યો. એના બગીચામાં બે કલાક કામ કર્યું, કિચનમાં ગયો અને વહેલું લંચ લઈ બપોરે બે કલાક ઘસઘસટ ઊંઘી ગયો.

બપોર પછી જાગ્યો ત્યારે લાગ્યું કે એની તબિયત સારી નથી. થોડું પાણી પીધું. શરીર ગરમ લાગ્યું. થોડી વાર વિચાર કરીને ઍડ્ડીને ફોન કરવાનું નક્કી કર્યું. ફોન પર કહ્યું :

બપોરની ઊંઘ કરીને હમણાં જ ઊઠ્યો. મને લાગે છે, મારી તબિયત બગડી છે. પેટમાં કોઈ જાતનો દુખાવો થાય છે અને પીઠ પણ દુખે છે. આયમ સૉરી, આજે રાતે આવી નહીં શકું.

આઇ સી, ઍડ્ડીએ કહ્યું અને ફોન મૂક્યો.

લૂઇસે એના ડૉક્ટરને ફોન કરી આવતી કાલે સવારની અપૉઇન્ટમેન્ટ લીધી. વહેલો સૂઈ ગયો. રાત દરમિયાન પરસેવો વળતો રહ્યો. બરાબર ઊંઘી પણ શક્યો નહીં. સવારે કશું ખાવાની ઇચ્છા ન થઈ. દસ વાગ્યે ડૉક્ટરને મળ્યો. ડૉક્ટરે બ્લડ અને યુરિન ટેસ્ટ્સ માટે લૅબોરેટરીમાં મોકલ્યો. રિપોર્ટ્સ આવે ત્યાં સુધી લૅબોરેટરીની લૉબીમાં બેસી રહ્યો. યુરિનરી ટ્રેકમાં ઇન્ફેક્શનની સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કર્યો.

એમણે એને ઍન્ટિબાયોટિક્સ આપી. આખો બપોર ઊંઘતો રહ્યો અને પછી લગભગ આખી રાત જાગ્યો. સવારે થોડું સારું લાગ્યું. હૉસ્પિટલના સ્ટાફે જણાવ્યું કે મોટે ભાગે આવતી કાલે એ ઘેર જઈ શકશે. સવારે નાસ્તો કર્યો, લંચ લીધું અને થોડી વાર ઊંઘી ગયો. ત્રણેક વાગ્યે જાગ્યો ત્યારે એ એના પલંગની બાજુમાં ખુરસી પર બેઠી હતી. એણે એની સામે જોયું.

તમે વાત ઊપજાવી કાઢી ન હતી, ઍડીએ કહ્યું.

તમને એમ કે હું ખોટું બોલ્યો છું?

મને થયું, કદાચ તમે બીમારીનું બહાનું કાઢ્યું હોય, રાતે મારી પાસે આવવા માગતા ન હો.

મને ડર તો હતો કે તમે એવું જ વિચારશો.

મને લાગ્યું, આપણે ફરી નહીં મળીએ, ઍડીએ કહ્યું.

હું ગઈ કાલે આખો દિવસ અને કાલ રાતે અને આજે સવારથી તમારો જ વિચાર કરતો હતો, લૂઇસે કહ્યું.

શું વિચારતા હતા?

તમે મારા ફોન કૉલનો શો અર્થ કાઢશો અને તમને કઈ રીતે સમજાવી શકીશ કે હું હજી પણ રાતે તમારી સાથે રહેવા માગું છું. હું વિચારતો રહ્યો હતો કે ઘણા સમયથી મારી સાથે બનેલી કોઈ પણ ઘટના કરતાં હું આ બાબતમાં શા માટે વધારે રસ ધરાવું છું.

તો પછી ફોન કરીને મને જણાવ્યું કેમ નહીં?

કદાચ એ વધારે ખરાબ થયું હોત, તમને લાગ્યું હોત કે હું બીમારીનું બહાનું છાવરવાનો પ્રયત્ન કરું છું.

તમે ટ્રાય કરી હોત તો સારું થાત.

મારે તમને કહેવું જોઈતું હતું. તમને કેમ ખબર પડી કે હું હૉસ્પિટલમાં છું?

આજે સવારે હું મારી પડોશી રુથ સાથે વાતો કરતી હતી ત્યારે એણે મને પૂછ્યું – લૂઇસના સમાચાર મળ્યા? મેં પૂછ્યું, શું? એ હૉસ્પિટલમાં છે. મેં પૂછ્યું, શું થયું છે? રુથે કહ્યું કે કોઈક જાતનું ઇન્ફેક્શન છે. ત્યારે મને ખબર પડી.

હું તમારી પાસે ક્યારેય જૂઠું નહીં બોલું, લૂઇસે કહ્યું.

ઑલ રાઇટ. આપણા બેમાંથી કોઈ જૂઠું નહીં બોલે. તો તમે ફરી આવશો?

મારી તબિયત સારી થઈ જાય પછી જલદીમાં જલદી. તમે અહીં આવ્યાં એ મને બહુ ગમ્યું.

થૅન્ક યૂ. અત્યારે તમે ઘણા લઘરવઘર લાગો છો.

મને હજી મોઢું ધોવાનો પણ સમય મળ્યો નથી.

એ હસી પડી. મને કશો ફરક પડતો નથી, એ બોલી. હું એમ કહેવા માગતી ન હતી. હું માત્ર કશીક કૉમેન્ટ કરવા માગતી હતી, કોઈ નિરીક્ષણ.

સારું. તમે મને ખૂબ સુંદર લાગો છો, લૂઇસે કહ્યું.

તમારી દીકરીને જણાવ્યું?

મેં એને કહ્યું કે ચિંતા ન કરે અને એકાદ દિવસમાં તો હું ઘેર આવી જઈશ, ચિંતા કરવા જેવું કશું નથી. એણે રજા લઈને હમણાં મને મળવા આવવાની જરૂર નથી. એ કોલોરાડો સ્પ્રિન્ગ્સમાં રહે છે.

મને ખબર છે.

એ પણ શિક્ષક છે, હું હતો એમ.

પછી લૂઇસે એ વિશે વાત કરવાનું બંધ કર્યું. કંઈ પીવું છે? હું નર્સને બોલાવી શકીશ.

ના, હું ઘેર જઈશ.

હું ઘેર આવીને સ્વસ્થ થાઉં પછી ફોન કરીશ.